સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/ઓર્ગેનિક/૨૦૧૭-૧૮/૧૧૭
જીલ્લા પંચાયત કાર્યાલય ,
કૃષિ અનુભાગ,
મોટી દમણ,
તારીખ :- ૨૫/૦૧/૨૦૧૮

પ્રતિ શ્રી,
સરપંચ /સેક્રેટરી/ગ્રામ સેવક

_______________

_______________

વિષય :- કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતો ને પ્રવાહી જંતુનાશક દવા/ખાતરનું (વાનસ્પતિક/ઓર્ગેનિક /સેન્દ્રીય) નિઃશૂલ્ક વિતરણ "**વહેલાતે પહેલા ના ધોરણે**" કરવા બાબત.

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષય ના સંદર્ભ માં જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા " સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના વર્ષ ૨૦૧૭-૧૮,અંતઃર્ગત, દમણ જીલ્લાના સ્થાનિક કુલ,૨૦૦ ખેડૂતોને પ્રવાહી જંતુનાશક દવા/ખાતરનું (વાનસ્પતિક/ઓર્ગેનિક/સેન્દ્રીય) નિઃશૂલ્ક વિતરણ @100% સબસીડી, રૂપિયા ૫૦૦૦/- અધિકતમ મર્યાદા માં "વહેલાતે પહેલા ના ધોરણે" તારીખ ૨૯/૦૧/૨૦૧૮ થી શરુ કરવામાં આવનાર છે. આ વિતરણ સંબંધમાં આપની પંચાયત વિસ્તારના ફળ /શાકભાજી પાકોની ખેતી કરતાં ખેડૂતોને લાભ લેવા માટે, જાહેર સંદેશ/જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

મહોદય, ખેડૂતોને વાનસ્પતિક/ઓર્ગેનિક /સેન્દ્રીય પ્રવાહી જંતુનાશક દવા/ખાતર મેળવવા માટે કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત,ઢોલર મોટી દમણ ની કચેરીમાં નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો.

(૧) જમીન ની ૧/૧૪ ની સ્વપ્રમાણિત નકલ.
(૨) આધાર કાર્ડ ની સ્વપ્રમાણિત નકલ.

આપનો વિશ્વાસુ

(પ્ર.લા.બગડા)
વિસ્તરણ અધિકારી (કૃષિ)
જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ,
મોટી દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ,સેક્રેટરી,ગ્રામસેવક ગ્રામ પંચાયત સભ્યો, જરૂરી કાર્યવાહી સાંથે ખેડૂતોને જાણ કરવા વિનંતી.
૨. પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ.
૩. મુખ્ય જિલ્લા પંચાયત અધિકારી, દમણ.
૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.
૫. સભ્ય શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .
૭. ઉપપ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
૮. NIC,દમણ,સરકારી વેબસાઇટ ઉપર અપલોડ અનુરોધ.